અપીલ અરજી નં.૧૯ તા.૧૧–૪ –૧૧

ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – તંત્રીશ્રી આપણું ગુજરાત ન્યુઝ પેપર

સામાવાળાઃ–(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ તંત્રીશ્રી આપણું ગુજરાત ન્યુઝ પેપરની તા.૧–૩–૧૧ની અરજીથી (૧) કિરણ મોટર્સ ઓપેરા હાઉસ, બમરોલી રોડ, સી.એન.જી. પંપની બાજુમાં સુરત. (૨) કિરણ મોટર્સ શો–રૂમ ના બાંધકામ નો પ્લાન પ્રથમ વખત કયારે મંજુર થયેલો તેના પ્લાનની ઝેરોક્ષ નકલ ની વિગત. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૯ /૨૦૧૧–૧૨

તંત્રીશ્રી આપણું ગુજરાત ન્યુઝ પેપરની તા.૧–૩–૧૧ની અરજીથી (૧) કિરણ મોટર્સ ઓપેરા હાઉસ, બમરોલી રોડ, સી.એન.જી. પંપની બાજુમાં સુરત. (૨) કિરણ મોટર્સ શો–રૂમ ના બાંધકામ નો પ્લાન પ્રથમ વખત કયારે મંજુર થયેલો તેના પ્લાનની ઝેરોક્ષ નકલ ની વિગત. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધના ઝોન)ના પત્ર નં. સા.ઝોન / ૭૮૧ તા.૨૯–૩–૧૧ થી આપેલ માહિતી પૈકી મુદ્દા નં.૩,૪,૫,૬ ની વિગત આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજૂ કરવા તથા વધુમાં પ્લાન મંજુરી તેમજ આકારણી દફતરે માંગેલ પૈકીની કોઈ માહિતિ ઉપલબ્ધ છે કે કેમ? તે હકીકત પણ આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૭૯ તા.૨૦–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ફી જમા કરાવ્યાની વિગત તથા સદર મુદ્દા અંગે તેમની જાણ હેઠળ કોઈ તબદીલી થયેલ હોય તો તેની વિગત રજુ કરવા તથા મુળ અરજી તથા અપીલ અરજીમાં સહી કરનારનું નામ જણાવેલ ન હોય તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઉધના ઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/૧૬૩ તા.૭–૫–૧૧ થી પુરક વિગતોમાં નોંધ વિભાગ અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતિ મુદ્દા નં.૩ થી ૫ ની પત્ર નં.સા.ઝોન/અકણ/૫૧ તા.૮–૪–૧૧ ના પત્રની નકલ, લોકેશન નં. ૧૪એ –૨૪–૦૦૪૧–૦–૦૦૧ નું છેલ્લા પાંચ વર્ષના પાર્ટી સ્ટેટસની નકલ તથા દુકાન નં.૧ થી ૫ ના ઈન્ડેક્ષની નકલ રજુ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧–૩–૧૧ ની કિરણ મોટર્સ ઓપેરા હાઉસ, બમરોલી રોડ, સી.એન.જી. પંપની બાજુમાં સુરત. ની બાંધકામ તેમજ વેરા અંગેની માહિતિ માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનનને મુદ્દા .નં.૧ થી ૬ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે મુદ્દા નં.૩,૪,૫,૬ ની વિગતો આપી તેવુ જણાવી તા.૧૧–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. (૧) કિરણ મોટર્સ ઓપેરા હાઉસ, બમરોલી રોડ, સી.એન.જી. પંપની બાજુમાં સુરત. (૨) કિરણ મોટર્સ શો–રૂમ ના બાંધકામ નો પ્લાન પ્રથમ વખત કયારે મંજુર થયેલો તેના પ્લાનની ઝેરોક્ષ નકલ ની વિગત. (૩) કિરણ મોટર્સની કેટલી દુકાનો ઓપેરા હાઉસમાં છે તે કોના કોના નામ ઉપર છે. તમામના દસ્તાવેજની ૭/૧૨ સાથેની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતિ અધિકારી તરફથી ઓપેરા હાઉસ બમરોલી ખાતે કિરણ મોટર્સની ગ્રાઉન્ડ ફલોર ઉપર પાંચ તથા અપર ગ્રાઉન્ડ ફલોર પર પાંચ મળીને કુલ્લે ૧૦ દુકાનો આવેલી છે જે ઉધના ઝોનના આકારણી દફતરે કિરણ મોટર્સ લી. ના ડીરેકટર શ્રી સાંઈ કિરણ સોમનાથ ખન્ના તથા શ્રી સોમનાથ અમરનાથ ખન્નાના નામે દાખલ છે. જેની ફકત ઈન્ડેક્ષની નકલો ઉધના ઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે. જેની નકલ નંગ ૧૦ વિના મુલ્યે અરજદારને આપવામાં આવેલ છે. દસ્તાવેજની નકલો ઉપલબ્ધ નથી તેવું પણ જણાવેલ છે. (૪) કિરણ મોટર્સની કેટલી દુકાનોનો કેટલો વેરો કોના કોના નામ ઉપર આવે છે. તે તમામનાં પાંચ વર્ષની વેરાની વિગતો જણાવતી નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતિ અધિકારી તરફથી પાંચ વર્ષના વેરાની નકલ નંગ પાંચ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. (૫) કિરણ મોટર્સની પાર્કીગની વ્યવસ્થા પોતાની છે કે ભાડેથી રાખેલ છે જો ભાડેની રાખેલ હોય તો તેના ભાડાના કરારની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતિ અધિકારી તરફથી કિરણ મોટર્સના અલગ પાર્કીગ બાબતની કોઈ વિગતો ઉધના ઝોન ખાતે ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.(૬) કિરણ મોટર્સના સંચાલકોની સંપુર્ણ વિગત. બાબતે જાહેર માહિતિ અધિકારી તરફથી તેમના પત્ર નં.૭૮૧ તા.૨૯–૩–૧૧ થી શ્રી સોમનાથ અમરનાથ ખન્ના તથા શ્રી સાંઈ કિરણ સોમનાથ ખન્ના હોવાની માહિતી સમય અવધિમાં આપેલ છે. જયારે અરજદારની અપીલના મુદ્દા નં.૩ અને ૪ અંગે નકલો સહિત તથા મુદ્દ નં.૫ ની માહિતિ વિલંબથી આપેલ હોય વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે.

અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં તંત્રીનું નામ જણાવવા સહ અન્ય કોઈ નારાજગી હોય તો તે અપીલીય કાર્યવાહી દરમ્યાન અરજદારે જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતરી વિગતે પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે .
(૨) તંત્રીશ્રી, આપણું ગુજરાત ન્યુઝ પેપર,